For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : હેમંત ડેરે)

# નવરાત્રિ: સુરતમાં રસ્તા પર કરોડોના ચણિયાચોળી અને દાગીનાનું વેચાણ

**નવરાત્રિના** માત્ર 9 દિવસ માટે સુરતમાં 7 કરોડનો વેપાર થાય છે

**રસ્તા** પર ચણિયા-ચોળીથી કેડિયાં અને ઓર્નામેન્ટ્સ સુધી ખરીદીનો માહોલ જામ્યો

**ગણેશ** વિસર્જન બાદ શરૂ થયેલા વેપાર નવરાત્રિ સુધીમાં જમાવટ કરી લીધી



સુરતઃ માતાજીની આરાધના અને ભકિત-શક્તિના પર્વ ગણાતા નવરાત્રિ માટેની ખરીદીઓ શરૂ થઈ ગઈ છે. એક તરફ જ્યાં અન્ય શહેરોમાં મોલ કે પછી દુકાનોમાં ખરીદી થાય છે ત્યારે સુરતમાં નવરાત્રિની ખરીદી મોટાભાગે રસ્તાઓ પરના ફેરિયાઓ પાસેથી જ કરવામાં આવે છે.

...અનુસંધાન પાના 5 પર

### વિવિધ વેરાયટી અને બહારથી આવતો જથ્થો

બજારોમાં હાલમાં ટ્રેડિશનલ, ગામઠી લુક, ડિજિટલ પેટર્ન, મલ્ટી ડિઝાઇન અને કાઠિયાવાડી પ્રિન્ટેડ જેવી અવનવી વેરાયટીઓ ઉપલબ્ધ છે. ભટાર રોડના રિટેલ સ્ટોલ ધારક વનરાજ

...અનુસંધાન પાના 5 પર

### રસ્તાઓ પર ઊમટતી ભીડ અને કરોડોનું ટર્નઓવર

સુરતના ભટાર રોડ, ઘોડદોડ રોડ, રંગીલા પાર્ક, પાર્લે પોઈન્ટ અને અડાજણ પ્રાઇમ માર્કેટ સહિતના મુખ્ય વિસ્તારોમાં

...અનુસંધાન પાના 5 પર

### નવરાત્રિ બન્યો ફેશન બજાર માટે કમાણીનો મોટો તહેવાર

સુરતમાં નવરાત્રી દરમિયાન ગરબા આયોજનો સાથે સંકળાયેલા અન્ય વેપારોની જેમ ફેશન બજારને પણ મોટો વેગ મળે છે. ખેલૈયાઓના

...અનુસંધાન પાના 5 પર

### ખરીદીની સાથે ભાડા પર મળતાં ચણિયાચોળીની બજારમાં ભારે ડિમાન્ડ

ફેશન ટ્રેન્ડમાં સતત બદલાવના કારણે યુવતીઓ અને મહિલાઓમાં નવ દિવસ માટે અલગ-અલગ ચણિયા-ચોળી અને તેની સાથે મેચિંગ જ્વેલરી પહેરવાનો ટ્રેન્ડ ખૂબ લોકપ્રિય બન્યો છે. બીજી તરફ, યુવકોમાં પણ કેડિયું, કફની, દુપટ્ટા અને પરંપરાગત એસેસરીઝની વિશેષ માંગ જોવા મળી રહી છે.

» **ભાડાનું બજાર:** કોસ્મોપોલિટન સંસ્કૃતિ ધરાવતા સુરતમાં છેલ્લા કેટલાક વર્ષોથી આઉટફિટ્સ રેન્ટ પર (ભાડે) લેવાનો ટ્રેન્ડ પણ ખૂબ ફૂલ્યો-ફાલ્યો છે. ગુણવત્તા અને ડિઝાઇન પ્રમાણે એક દિવસના આઉટફિટનું ભાડું રૂ. 500થી રૂ. 3,500 સુધી છે, જ્યારે પ્રીમિયમ કલેક્શન નવ દિવસ માટે ભાડે લેવાનો ખર્ચ રૂ. 8 હજારથી રૂ. 25 હજાર સુધી પહોંચે છે.

» **ખરીદીનું બજાર:** સ્થાનિક બજારો અને નાના સ્ટોલ પર સામાન્ય ચણિયા-ચોળી અને પુરુષો માટે કેડિયું રૂ. 1,500થી રૂ. 4 હજારમાં ઉપલબ્ધ છે. જ્યારે ડિઝાઇનર વર્ક, હેન્ડવર્ક, ઓરિજિનલ મિરર વર્ક, ગજી સિલ્ક અને મશરૂ ફેબ્રિકના પ્રીમિયમ આઉટફિટ્સની કિંમત રૂ. 5 હજારથી શરૂ થઈને રૂ. 25 હજારથી પણ વધુ સુધી પહોંચે છે.

# ઈન્ડિગોએ બંધ કરી અને એર ઈન્ડિયાએ સુરતથી દુબઈની ફ્લાઈટ સાત દિવસ કરી

**શિયાળામાં** સુરતથી શારજહાંની ફ્લાઈટ પણ ફરી શરૂ કરવા નિર્ણય



સુરતઃ ઈન્ડિગોએ સુરતથી સીધી દુબઈની ફ્લાઈટ બંધ કરતાં એર ઈન્ડિયા એક્સપ્રેસએ તેનો લાભ લઈને વિન્ટર શિડ્યુઅલમાં પોતાની સુરતથી દુબઈની ચાર દિવસની ફ્લાઈટ ડેઈલી કરવાનો નિર્ણય કર્યો છે. ન્ડિગો એ સુરત - દુબઈની એકમાત્ર ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ કરતા એર ઈન્ડિયા એક્સપ્રેસ એ એની વિકમાં 4 દિવસની સુરત - દુબઈ - સુરત ફ્લાઈટ વિન્ટર શિડયુલથી ડેઈલી ઓપરેટ કરવાનો નિર્ણય પણ લીધો છે. શારજાહ અને દુબઈ સહિતના ગલ્ફ દેશોમાં સુરત અને દક્ષિણ ગુજરાતના મોટી સંખ્યામાં લોકો રહેતા હોવાથી આ ફ્લાઈટનું વિશેષ મહત્વ છે. વેપાર, રોજગાર તેમજ પરિવારજનોને મળવા માટે ગલ્ફ દેશોમાં અવરજવર કરતા મુસાફરોને સીધી હવાઈ સેવા ફરી શરૂ થતાં મોટી રાહત મળશે.ખાસ કરીને સુરતના ટેકસટાઈલ અને જેમ એન્ડ જ્વેલરી ઉધોગના ફ્રિકવન્ટ ફ્લાયર્સ માટે આ રાહતના સમાચાર બની રહેશે. આ ઉપરાંત એર ઈન્ડિયા એક્સપ્રેસે 25 ઓક્ટોબરથી શરૂ થતા વિન્ટર શિડયુલ માટે ઈન્ટરનેશનલ

...અનુસંધાન પાના 5 પર

### શારજાહ સુરત - શારજાહ ફ્લાઇટ મુસાફરોના આંકડા

| વર્ષ | કુલ મુસાફરો | સરેરાશ લોડ ફેક્ટર |
|---|---|---|
| 2019 (ફેબ્રુ.-ડિસે.) | 65,000 | 75% |
| 2020 (COVID અસર) | 28,000 | 50% |
| 2021 | 40,000 | 60% |
| 2022 | 78,000 | 82% |
| 2023 | 95,000 | 88% |
| 2024 | 1,05,000 | 90% |
| 2025 | 1,10,000+ | 92% |

( કુલ મળીને 5 વર્ષમાં અંદાજે 4.5 થી 5 લાખ મુસાફરોએ આ રૂટનો લાભ લીધો હતો.)

### સુરતીઓને આ દિવાળી વેકેશનમાં સુરતથી બેંગકોકની સીધી ફ્લાઇટ નહીં મળે

એરઇન્ડિયા એક્સપ્રેસએ સુરતથી ધમાકેદાર શરૂ કરેલી સુરત - બેંગકોક - સુરતની ફ્લાઇટ ખાડી યુદ્ધ દરમિયાન એર ફ્યુઅલના ભાવો વધતા બંધ કરી હતી.70% થી વધુ પેસેન્જર લોડ મળવા છતાં એરલાઈન એ વિન્ટર શિડયુલમાં આ ફ્લાઇટને ફરી સ્થાન આપ્યું નથી.એ જોતાં થાઇલેન્ડ ફરવા જવા માંગતા સુરતી પ્રવાસીઓને આ દિવાળી વેકેશનમાં સુરતથી બેંગકોકની સીધી ફ્લાઇટ નહીં મળે.તેઓને મુંબઇ અને અમદાવાદ એરપોર્ટ સુધી લાંબા થવું પડશે.શક્યતા એવી છે કે, એર ઇન્ડિયા એક્સપ્રેસ સુરત - બેંગકોક - સુરતની ફ્લાઇટ સમર વેકેશનમાં શરૂ કરી શકે છે.

# બાળકો મોબાઈલમાં ગેમ રમતાં રહ્યા ને ખાતામાંથી 58000 ગાયબ

**પલસાણાના** તાંતીથૈયા ગામના શાકભાજીના વેપારીના સંતાનો મોબાઈલમાં ગેમ રમતાં હતાં ત્યારે ભેજાબાજ કળા કરી ગયો

પલસાણાઃ સુરત ગ્રામ્યના કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન છેતરપિંડીની એક નવી ઘટના સામે આવી છે.

પલસાણાના તાંતીથૈયા ગામની વી.કે.પાર્ક સોસાયટીમાં રહેતા અને સોનીપાર્ક ખાતે શાકભાજીનો વેપાર કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ૩૨ વર્ષીય અજય હરિશંકરપ્રસાદ પટેલે ઓનલાઈન ફ્રોડ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત તા.૨૭ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ બપોરે તેઓ જમીને આરામ કરી રહ્યા હતા, ત્યારે તેમનાં બાળકો મોબાઈલમાં ગેમ અને યુ-ટ્યુબમાં વિડીયો જોઈ રહ્યાં હતાં. આ સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ભેજાબાજે તેમના મોબાઈલમાંથી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. બીજા દિવસે રાત્રે આશરે સવા નવ વાગ્યે જ્યારે અજયભાઈએ પોતાના મોબાઈલ ફોનમાં બેલેન્સ ચેક કર્યું ત્યારે તેમને જાણ થઈ કે તેમના યુનિયન બેન્કના સેવિંગ ખાતામાંથી ગૂગલ પે મારફતે ચાર અલગ-અલગ વ્યવહારોમાં કુલ ૫૮,૦૦૦ રૂપિયા ઉપડી ગયા છે. આ રકમ ૮૭૨૬૩૫૬૪૪૨ મોબાઈલ નંબર ધરાવતા અજાણ્યા ઈસમે રોહન પોલ, રિતિકા જમાતિયા, રિતિક સક્સેના અને આકાશ કુમાર નામના વ્યક્તિઓના ખાતામાં ટ્રાન્સફર કરી હતી.

આ ઘટનાની જાણ થતાં જ છેતરાયેલા વેપારીએ સૌપ્રથમ ૧ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફોન કરીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ૪ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરુદ્ધ વિધિવત ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ આ કેસની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર વાઘજી અમરાભાઈ દેસાઈ ચલાવી રહ્યા છે.

# દિવાળી બાદ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર કોન્કોર્સની કામગીરી શરૂ

**SITCO** દ્વારા પશ્ચિમ રેલવેના GM અને DRM સમક્ષ પ્રસ્તાવ મૂકાયો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનને આધુનિક અને વર્લ્ડ ક્લાસ બનાવવાની કામગીરી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. પ્લેટફોર્મ નંબર બે પર કોન્કોર્સ ફાઉન્ડેશનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, હવે આવી જ કામગીરી પ્લેટફોર્મ નંબર એક પર શરૂ કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે સિટકો (SITCO) દ્વારા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) અને ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)

...અનુસંધાન પાના 5 પર

### મુખ્ય બિલ્ડિંગ ખાલી કરવા રેલવે પાસે માંગણી

સિટકો દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવ અનુસાર, પ્લેટફોર્મ નંબર એક પર કોન્કોર્સ ફાઉન્ડેશનનું કામ શરૂ કરવા માટે ત્યાં આવેલી મુખ્ય બિલ્ડિંગને ખાલી કરવી અનિવાર્ય છે. આથી રેલવે પ્રશાસન પાસે પ્લેટફોર્મ નંબર એકની બિલ્ડિંગ ખાલી કરવા માટે સત્તાવાર માંગણી કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ અંગેનું સવિસ્તાર પ્રપોઝલ તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ જમીની સ્તર પર કામગીરી શરૂ કરી દેવાશે. રેલવે તંત્ર દ્વારા લીલી ઝંડી મળતા જ આ પ્રક્રિયા ઝડપી બનશે.

### બુકિંગ ઓફિસ અને વહીવટી કચેરીઓ ખસેડાશે

જ્યારે પ્લેટફોર્મ નંબર એક પર બાંધકામની કામગીરી શરૂ થશે, ત્યારે સુરક્ષા અને સુવિધાના ભાગરૂપે ત્યાં કાર્યરત તમામ મહત્વની કચેરીઓ કામચલાઉ ધોરણે અન્ય સ્થળે સ્થળાંતરિત કરવામાં આવશે. જેમાં પ્લેટફોર્મ નંબર એક પર આવેલી મુખ્ય ટિકિટ બુકિંગ ઓફિસ સહિતની તમામ નાની-મોટી વહીવટી કચેરીઓનો સમાવેશ થાય છે. મુસાફરોને ટિકિટ લેવામાં મુશ્કેલી ન પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ વહેલી તકે ઊભી કરવામાં આવશે.









### સુરત મનપા દ્વારા પાંચ દાયકાથી યોજાતી નાટ્યસ્પર્ધાના ઈતિહાસમાં પ્રથમ વખત નાટકની ભજવણી રદ કરવી પડી

# 'પેશન્ટ નં.11'નો મુખ્ય કલાકાર જ 'પેશન્ટ' બની જતાં નાટક રદ

**નાટ્યસ્પર્ધામાં** 9માં ક્રમે આ નાટક સોમવારે ભજવાવાનું હતું, આજે સ્પર્ધાનું છેલ્લું નાટક ભજવાશે

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત 52મી સંજીવ કુમાર નાટ્ય સ્પર્ધામાં અનોખો બનાવ સામે આવ્યો છે. કતારગામના ઓડિટોરિયમમાં ચાલી રહેલી નાટ્ય સ્પર્ધામાં આજે 'પેશન્ટ નંબર 11'નું મંચન થવાનું હતું, પરંતુ નાટકના મુખ્ય કલાકારને ડેંગ્યુ થતાં તેમની તબિયત લથડી હતી અને તેમને

...અનુસંધાન પાના 5 પર

### ટિકિટના 20 પરત કરવાની કવાયત

આ વખતે 52મી સંજીવ કુમાર નાટ્ય સ્પર્ધામાં પ્રથમ વખત ₹20ની ટિકિટ રાખવામાં આવી હતી અને પ્રેક્ષકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. જોકે, 'પેશન્ટ નંબર 11'નું મંચન રદ થતાં ટિકિટ ખરીદનારા પ્રેક્ષકોને હવે ટિકિટના ₹20 પરત આપવાની જવાબદારી પાલિકા તંત્ર સામે આવી છે. તંત્ર દ્વારા ટિકિટના નાણાં પરત કરવાની પ્રક્રિયા અંગે કવાયત શરૂ કરવામાં આવી છે.

### આજે નાટક 'કાળીદાસ' સાથે સ્પર્ધાનો અંત

52મી સંજીવ કુમાર નાટ્ય સ્પર્ધામાં હવે માત્ર અંતિમ નાટક બાકી રહ્યું છે. આવતીકાલે 'કાળીદાસ'નું મંચન થયા બાદ સ્પર્ધાનો અંત આવશે. ત્યારબાદ નિર્ણાયકો દ્વારા તમામ નાટકોના અભિનય, દિગ્દર્શન, લેખન સહિતના વિવિધ પાસાંનું મૂલ્યાંકન પૂર્ણ કરવામાં આવશે. મૂલ્યાંકન બાદ ગણતરીની મિનિટોમાં જ સ્પર્ધાના વિજેતાની જાહેરાત કરવામાં આવશે.

### વાંસદાના ભીનાર ગામે રાત્રિના સમયે ઘરના આંગણામાંથી

# દીપડો ત્રણ વર્ષના બાળકને ખેંચી ગયો

**સમગ્ર** પંથકમાં અરેરાટી, ખેતરમાંથી લોહીના નિશાન મળ્યાં વન વિભાગ સહિત ગ્રામજનો દ્વારા બાળકની શોધખોળ



વાંસદાઃ વાંસદાના ભીનાર ગામના કુંભાર ફળિયામાં રાત્રિના સમયે ઘરના આંગણામાંથી આશરે ત્રણ વર્ષની બાળકને વન્યપ્રાણી દીપડો ઊંચકી જઈ નજીકના ખેતર વિસ્તારમાં ખેંચી જતાં સમગ્ર પંથકમાં અરેરાટી મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, વાંસદા તાલુકાના ભીનાર ગામના કુંભાર ફળિયામાં રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના અરસામાં પરિવારજનો ઘરના આંગણામાં હતા. તે દરમિયાન અચાનક દીપડો ત્યાં આવી પહોંચ્યો હતો અને મિત્તલબેન એ.પટેલના આશરે ત્રણ વર્ષના બાળક આરવને ઊંચકી જઈ નજીકના ખેતર તરફ લઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આસપાસના રહેવાસીઓ તાત્કાલિક ખેતરો તરફ દોડી ગયા હતા અને બાળકની શોધખોળ શરૂ કરી હતી. જોકે,

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

દુઃખદ અવસાન બેસણું



સ્વ. ભરતભાઈ મગનભાઈ પટેલ

સ્વ. તા : ૦૩-૧૦-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી ભરતભાઈ મગનભાઈ પટેલનું તા. ૦૩-૧૦-૨૦૨૬, શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગતનું બેસણું બુધવાર, તા. ૦૭-૧૦-૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.લૌકિક રિવાજ બંધ છે.

શોકાતુર

સ્વ. મગનભાઈ ભીખાભાઈ પટેલ (પિતા) ગં.સ્વ. માનકોરબેન મગનભાઈ પટેલ (માતા)
ગં.સ્વ. વર્ષાબેન ભરતભાઈ પટેલ(પત્ની)
ઉજ્જવલ ભરતભાઈ પટેલ (પુત્ર) પાર્થિવ ભરતભાઈ પટેલ (પુત્ર)
સંજયભાઈ મગનભાઈ પટેલ (ભાઈ) કિનલ સંજયભાઈ પટેલ
ભવ્ય સંજયભાઈ પટેલ ભાર્ગવ સંજયભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ :૬. સ્વામી આત્માનંદ સરસ્વતી સોસાયટી. રામનગર, રાંદેર રોડ, સુરત

॥ દુખઃદ અવસાન ॥



સ્વ. કમલેશ ધનસુખલાલ પારેખ

અમારા પરિવારના આધારસ્તંભ અને સૌના પ્રિય સ્વ. કમલેશ ધનસુખલાલ પારેખ તા. ૦૩ ઓક્ટોબર ૨૦૨૬, શનિવાર, ભાદરવા વદ આઠમના રોજ સવારે ૭.૩૦ કલાકે પરમાત્માના ચરણોમાં વિલીન થયા છે.

તમારી હસતી છબી, તમારો પ્રેમ, તમારા સંસ્કાર અને તમારી સાથે વિતાવેલી અમૂલ્ય પળો અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે. તમે નજરથી દુર છો, પરંતુ અમારા હૃદયથી ક્યારેય નહીં.

॥ શોકસભા (બેસણું) ॥
તા. ૦૮ ઓક્ટોબર ૨૦૨૬, ગુરુવાર, સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી
સ્થળ : શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ - મોઢ વણિક ભવન
સૂર્યમ રેસીડેન્સી પાસે, પાલ, સુરત - ૩૯૪૫૧૦

લિ.

પત્ની : જયોત્સનાબેન કમલેશભાઈ પારેખ | ભાભી : સ્મિતાબેન ભરતભાઈ પારેખ
પુત્રી : શિવાંગી જય મહેતા | ભત્રીજા : નીલકંઠ ભરતભાઈ પારેખ
જમાઈ : જય રોહિતકુમાર મહેતા | ભત્રીજા વહુ : રોનક નીલકંઠ પારેખ
દોહિત્ર : વિવાન જય મહેતા | પ્રપૌત્ર : હાયાન નીલકંઠ પારેખ

સંપર્ક : શિવાંગી - ૯૪૨૬૮ ૩૯૨૭૪ | જયોત્સનાબેન - ૯૪૨૯૧ ૪૯૮૯૫

નોંધ : શ્વસુર પક્ષનું બેસણું પણ આ સાથે જ રાખેલ છે, પોત પડીકાનો રિવાજ સદંતર બંધ રાખેલ છે.

શ્રી સુરત લેઉવા પાટીદાર સમાજ અવસાન



સ્વ. જયકૃષ્ણ કાંતિલાલ જરીવાલા

સ્વ. તા.૦૪/૧૦/૨૦૨૬

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગણો તાણી. હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી. સદ્ગુરુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.

ગં.સ્વ. જ્યોતિ જયકૃષ્ણ જરીવાલા (પત્ની)
અભિ જયકૃષ્ણ જરીવાલા (પુત્ર) દ્રષ્ટિ અભિ જરીવાલા (પુત્રવધુ)
અશોક કાંતિલાલ જરીવાલા (મોટા ભાઈ) નિપુર્ણા અશોક જરીવાલા (મોટા ભાભી)
હેમંત કાંતિલાલ જરીવાલા (ભાઈ) બીના હેમંત જરીવાલા (ભાભી)
અતિત અશોક જરીવાલા (ભત્રીજો) નિકિતા અતિત જરીવાલા (પુત્રવધુ)
યેશા વિકી પટેલ (પુત્રી) વિકી દિલીપ પટેલ (જમાઈ)
પંક્તિ જયકૃષ્ણ જરીવાલા (પુત્રી) દક્ષ, ઈવાન, આર્યન, જૈત્ર, માન્યા

સમસ્ત જરીવાલા પરિવારના જય ગોગા મહારાજ

નિવાસસ્થાનઃ ૭/૩૭૩૫, રામપુરા મેઇન રોડ, સુરત | ફર્મઃ જયકિશન ની કેરી / દ્રષ્ટિ એન્ટરપ્રાઇઝ મોબાઇલ: 7405505961, 9825345001

ઓમ શાંતિ — જન્મ્યા છે તેમણે જવું પડે, આ સૃષ્ટિનો આ નિયમ છે.

ઓમ શાંતિ — શરીર ભલે દૂર થયું છે, પણ આત્મા અમર છે.



અનાવિલ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા મોટા ભાઈ

શ્રી જનકરાય રસવિન્દ્રરાય દેસાઈ

નું તા.૦૪-૧૦-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદગતનું બેસણું

તા. ૦૮-૧૦-૨૦૨૬ ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક સુધી અસ્મિતાભવન, બ્રાહ્મણ સમાજની વાડી, મહુવા મુકામે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

શોકાતુરઃ

રેખાબેન જનકરાય દેસાઈ | સ્વ. ઉત્પલ જનકરાય દેસાઈ
તુષારભાઈ રસવિન્દ્રરાય દેસાઈ | દેવાંગી ઉત્પલ દેસાઈ
મંજુશ્રી તુષારભાઈ દેસાઈ | દિવ્યેન, જહાનવી
સ્વાતિબેન રાજીવકુમાર દેસાઈ | શ્વસુર પક્ષઃ
રાજીવકુમાર રણજીતભાઈ દેસાઈ | હેમંતભાઈ પ્રમોદભાઈ દેસાઈ
ગાર્ગી, માનસી, પૂર્વા, અનોખી, અનેરી | અનુરાધા હેમંતભાઈ દેસાઈ

નિવાસ સ્થાનઃ મુ.પો.તા.મહુવા બ્રાહ્મણ ફળીયુ, જી.સુરત.

ચોથી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.કાંતિભાઈ વલ્લભભાઈ પટેલ
જન્મ તા.૧૫.૦૮.૧૯૪૪
સ્વ.તા.૦૬.૧૦.૨૦૨૨

એવી નજર ક્યાંથી લાવવી કે
તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય
હજુ જરૂર હતી તમારી અમને ત્યાં
કુદરત લઈ ગણો તાણી, હે કુદરત એ અમાનત અમારી છે,
રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી
પ્રભુ અપણા દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
પ્રદિપભાઈ કાંતિભાઈ પટેલ મનીષાબેન પ્રદિપભાઈ પટેલ
અશ્વિન કાંતિભાઈ પટેલ જયોત્સનાબેન અશ્વિનભાઈ પટેલ
સુશીલાબેન ઈશ્વરભાઈ પટેલ
સ્મીત, પાર્થ, મીર, એન્જના, તથા સમસ્ત પરિવારજનો

નિવાસ સ્થાન : ગરાસ ફળિયું, ગામ : આભવા, સુરત.

બેસણું



સ્વ. ઝવેરભાઈ વનમાળીભાઈ પટેલ
સ્વ. તા. 5-10-2026

દિલગીરી સહ જણાવવાનું કે મારા પિતાશ્રી ઝવેરભાઈ વનમાળીભાઈ પટેલનું તા.5-10-2026 ના સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા. 7-10-2026 ને બુધવારના રોજ સવારે 9:00 થી 12:00 કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
પંકજભાઈ ઝવેરભાઈ પટેલ
પ્રકાશભાઈ ઝવેરભાઈ પટેલ
તેમજ સમસ્ત પરિવાર

સ્થળ : કરસન મહોલ્લો, કવાસ ગામ, સુરત.

શ્રદ્ધાંજલિ



સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા

સમાજના મિલનસાર, સૌમ્ય, પ્રતિભા સંપન્ન તેમજ ઉમદા સ્વભાવના ઉધોગપતિ, સમાજ ટ્રસ્ટના પ્રમુખ તેમજ વિદ્યા વિહાર ટ્રસ્ટના માજી ટ્રસ્ટીના સ્વર્ગવાસથી ક્ષત્રિય સમાજને ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. તેઓશ્રીએ શૈક્ષણીક સંસ્થાઓ તેમજ અન્ય સંસ્થાઓમાં પણ ઉત્તમ સેવાઓ આપી હતી.

પ્રભુ સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના

લિ. શ્રી સુરત ક્ષત્રિય સમજ ટ્રસ્ટ

સુરત ક્ષત્રિય યુવક મંડળ | શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટ
સુરત ક્ષત્રિય યુથ રીક્રીએશન કલબ | ન્યુ રીક્રીએશન કલબ
સુક્ષમ રીક્રીએશન કલબ | શ્રી સુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ ટ્રસ્ટ

વિદ્યા વિહાર ટ્રસ્ટ સંચાલિત
શેઠશ્રી પ્રાણલાલ હીરાલાલ બચકાણીવાલા વિદ્યા મંદિર (ટ્રસ્ટ)